**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૬/૫/૨૦૧૭ શુક્રવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**<u>નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૯૭/૧૭</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૧૫૫ લીટર દેશી દારૂ, ૩૩૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૦૨ બીયરટીન અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫,૪૭૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૯૮/૧૭</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>વિશ્વાસઘાત અને છેતરપીંડી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૯૯/૧૭</u>**

**નરોડા :** મનિષભાઇ દિનેશચંદ્ર શાહ (ઉ.વ.૪૮)(રહે.સમ્રાટનગર ઇસનપુર) એ તા.૨૫/૫/૧૭ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩/૧૨/૨૦૧૬ થી આજદિન સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી બ્રીજેશભાઇ પટેલ (રહે.વ્રજ રેસીડેન્સી નરોડા) એ મનિષભાઇની રેલ્વેની તથા પ્લેનની ટીકીટો કેન્સલ કરી, તેના કુલ રૂપિયા ૩૧,૬૮૦/- મેળવી લઇ, મનિષભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પોસ.ઈ.શ્રી ડી.પી.સોલંકીનાઓ ચલાવે છે.

**<u>સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૦૦/૧૭</u>**

**કારંજ :** સરસ્વતીબેન વા/ઓ શિવરાજભાઇ કહાર (ઉ.વ.૬૫)(રહે,ડોડીયા બજાર પ્રેમાનંદ હોલની પાછળ ગુરુકૃપા બિલ્ડીંગ વડોદરા શહેર) એ કારંજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૫/૧૭ નાં કલાક ૦૦/૩૦ વાગ્યાનાં સુમારે કારંજ જુની જુમ્મા મસ્જીદ પાસે આવેલ બમ્પ આગળથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષ સરસ્વતીબેનનાં ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા૬૫,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ. કે.બી.વિહોલ ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૧૧૦૧/૧૭**

**વસ્ત્રાપુર :** **કૃનાલભાઈ** રાજુભાઈ મુલચંદાનિ (ઉ.વ.૨૬)(રહે,સોમ પોલ ફ્લેટ અરમાન બંગ્લોઝની સામે સીંધુભવન રોડ બોડકદેવ) એ તા.૨૫/૫/૧૭ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૦૫/૧૭ થી તા.૨૦/૦૫/૧૭ સુધીનાં સમયગાળા દરમ્યાન પોતાના ઘરમાં ઘરઘાટી તરીકે નોકરી કરતો આરોપી નાથુ ઉર્ફે રમેશ કાળુભાઈ મીણા (હાલ રહે,હેબતપુર ગામ તા.દસ્ક્રોઈ જી.અમદાવાદ મુળ રહે, ઈંટાલિખેડા તા.સરડા જી.ઉદેપુર રાજસ્થાન) એ **કૃનાલભાઈ**ના મમ્મીના રૂમમાં કબાટમાં મુકેલ સોનાના દાગીના અને રોકડા રૂપિયા ૨૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૧૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગયો છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી જેંતીલાલ મણિલાલ ચલાવે છે.

**ગાડીનો કાચ તોડી ચોરી :-** **સમાચાર યાદી નં.૧૧૦૨/૧૭**

**કૃષ્ણનગર :** મીરલબેન વા/ઓ ભરતભાઈ પટેલ (રહે,શ્યામ એપાર્ટમેંટ પરીમલ બંગ્લોઝની પાછળ સરદારચોક) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૫/૧૭ રાતના ૮/૧૫ થી ૮/૩૦ વાગ્યા દરમ્યાન મારૂતી પ્લાજા વિજય સોસાયટીની સામે રોડ ઉપર પાર્ક કરેલ પોતાની ગાડીનો પાછળનો ડાબી સાઈડનો કાચ તોડી, અજાણી વ્યક્તિ ગાડીમાં મુકેલ પર્સ કે જેમા સોનાના દાગીના કિંમત રૂપિયા ૯૯,૦૦૦/- અને રોકડા રૂપીયા ૮,૦૦૦/- મળી કુલ ૧,૦૭,૦૦૦/- મતા ભરેલ પર્સની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એ.રાઠોડ ચલાવે છે.

**આત્મહત્યા :** **સમાચાર યાદી નં.૧૧૦૩/૧૭**

**વેજલપુર :** વંદનાબેન વા/ઓ અનિરુધ્ધસિંહ દિલિપસિંહ પરમાર (ઉ.વ.૨૯)(રહે,કૈલાશ ટેનામેન્ટ વિભાવરી સોસાયટી પાસે વેજલપુર) એ તા.૨૪/૦૫/૧૭ રાતના ૧૦/૪૫ થી તા.૨૫/૦૫/૧૭ ના કલાક ૦૦/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના પતિનાં ઘરે કોઇ અગમ્ય કારણસર સિલીંગ ફેન સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રભાતસિંહ જવાનસિંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.